# વર્તમાન સમયમાં શાળામાં અભ્યાસ કરતા બાળકોને જાતિયશિક્ષણ આપવા અંગે વાલીઓના અભિપ્રાયોનો કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ

ચિરાગ બી. ઠક્કર
સંશોધન અભ્યાસક,
ડીપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન,
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

ડૉ. સ્નેહલ એસ. શુક્લા
સંશોધન માર્ગદર્શક અને એસોસિયેટ પ્રોફેસર,
કામેશ્વર એમ.એડ્. કોલેજ
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

**સારાંશ**

પ્રસ્તુત સંશોધન અભ્યાસ એ બાળકોને જાતિય શિક્ષણ આપવુ જોઈએ કે નહિ તે અંગેનો હતો. વર્ણનાત્મક સંશોધન પધ્ધતિ પૈકીની સર્વેક્ષણ પધ્ધતિ દ્વારા માહિતિ એકત્રીત કરવામાં આવી હતી. માહિતિ એકત્રીકરણ માટે સંશોધન માર્ગદર્શકના માર્ગદર્શન અનુસાર લિકર્ટ પધ્ધતિ અનુસાર ત્રિબિંદુ પ્રકારની અભિપ્રાયવલી તૈયાર કરવામાં આવી હતી. યાદચ્છિક નમૂના પસંદગી દ્વારા નમૂનો પસંદ કરેલ હતો જેમાં 65 વાલીનો સમાવેશ કરેલ હતો. સંશોધનનો મુખ્ય હેતુ શાળામાં અભ્યાસ કરતા બાળકોને જાતિય શિક્ષણ આપવા અંગે વાલીઓના અભિપ્રાયો તથા તેમના અભિપ્રાયો વચ્ચે વિવિધ ચલો જેવા કે જાતિ, વાલીની શૈક્ષણિક લાયકાત, વાલીના રહેઠાણ નો વિસ્તાર, બાળકના અભ્યાસનું માધ્યમ જેવા ચલોના સંદર્ભમાં કોઇ સાર્થક તફાવત છે કે કેમ તે જાણવાનો હતો. સંશોધનના પરિણામો સૂચવે છે કે વાલીઓના અભિપ્રાયો વચ્ચે વિવિધ ચલો જેવા કે જાતિ, વાલીની શૈક્ષણિક લાયકાત, વાલીના રહેઠાણ નો વિસ્તાર, બાળકના અભ્યાસનું માધ્યમ જેવા ચલોના સંદર્ભમાં કોઇ સાર્થક તફાવત જોવા મળતો નથી. ઉપરાંત, વાલીઓના જાતિય શિક્ષણ આપવા અંગેના હકારાત્મક વલણો જોવા મળ્યા હતા.

## ૧. પ્રસ્તાવના

આજના ઈન્ફોટેક જમાનામાં ભારત હવે વિશ્વના નકશામાં અન્ય દેશોની હરોળમાં સ્થાન લઈ રહ્યું છે. વાસ્તવમાં આપણે એક નવા પરિવર્તનશીલ ઈલેકટ્રોનીક યુગમાં પ્રવેશી ચુક્યા છે. તેમ છતાં જાતિય પ્રકૃતીના વિષયોની જાહેર ચર્ચાને ભારતીય સમાજમાં વ્યાપકપણે વર્જિત માનવામાં આવે છે, તેથી ભારતીય કિશોરોને પર્યાપ્ત અને અસરકારક જાતિય શિક્ષણ પહોંચાડવા માટે અવરોધક બને છે. જાતિય શિક્ષણ આપવાની બાબતે માતા-પિતા, શિક્ષકો, રાજકારણીઓ, સામાજીક આગેવાનો સહિત તમામ ક્ષેત્રોમાંથી જોરદાર વાંધા તથા આંશકાઓ વ્યક્ત કરવામાં આવી છે. તેઓના મતે જાતિય શિક્ષણ યુવાવર્ગ ને ભ્રષ્ટ કરે છે. ભારતિય સંસ્કૃતિના મૂલ્યને નષ્ટ કરે છે, ધર્મો સાથે સુસંગત નથી વગેરે વગેરે...... ઉપરોક્ત અભિપ્રાયો પરંપરાગત ભારતીય માનસીકતા કેન્દ્રમાં છે. પ્રસ્તુત અભ્યાસમાં શાળામાં અભ્યાસ કરતા બાળકોને જાતિયશિક્ષણ આપવું કે નહી, જાતિયરોગો વિશે જણાવવું કે નહિ વગેરે વગેરે જેવા ક્ષેત્રોમાં વાલીઓના અભિપ્રાયો સ્વરચિત અભિપ્રાયવલિ લેવામાં આવ્યા, જેનો વિગતવાર અભ્યાસ નીચે મુજબ છે.

## ૨. સમસ્યાકથન

વર્તમાન સમયમાં શાળામાં અભ્યાસ કરતા બાળકોને જાતિયશિક્ષણ આપવા અંગે વાલીઓના અભિપ્રાયોનો કેટલાક ચલોના સંદર્ભમાં અભ્યાસ.

### ૩. અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ સંશોધકે નીચે મુજબ નક્કી કર્યા હતા.

1. વાલીઓના જાતિય શિક્ષણ આપવા અંગેના અભિપ્રાયોનો અભ્યાસ કરવો.
2. વાલીઓના જાતિય શિક્ષણ આપવા અંગેના અભિપ્રાયોનો જાતિ, વાલીની શૈક્ષણિક લાયકાત, વાલીના રહેઠાણનો વિસ્તાર, બાળકના અભ્યાસનું માધ્યમ જેવા ચલોના સંદર્ભમાં અભ્યાસ કરવો.

### ૪. અભ્યાસની ઉત્કલ્પનાઓ

પ્રસ્તુત અભ્યાસની ઉત્કલ્પનાઓ સંશોધકે નીચે મુજબ નક્કી કરી હતી.

$Ho_1$ પુરુષ વાલીઓ અને સ્ત્રી વાલીઓએ બાળકોને જાતિય શિક્ષણ આપવા અંગેની અભિપ્રાયવલી પર મેળવેલા સરેરાશ અંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

$Ho_2$ સ્નાતક કે તેથી ઓછી શૈ.લાયકાત ધરાવતા વાલીઓ અને અનુસ્નાતક કે તેથી વધુ શૈ.લાયકાત ધરાવતા વાલીઓએ બાળકોને જાતિય શિક્ષણ આપવા અંગેની અભિપ્રાયવલી પર મેળવેલા સરેરાશ અંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

$Ho_3$ શહેરી વિસ્તારમાં રહેતા વાલીઓ અને ગ્રામ્ય વિસ્તારમાં રહેતા વાલીઓએ બાળકોને જાતિય શિક્ષણ આપવા અંગેની અભિપ્રાયવલી પર મેળવેલા સરેરાશ અંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

$Ho_4$ અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતા બાળકોના વાલીઓ અને ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરતા બાળકોના વાલીઓએ બાળકોને જાતિય શિક્ષણ આપવા અંગેની અભિપ્રાયવલી પર મેળવેલા સરેરાશ અંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહીં હોય.

### ૫. અભ્યાસના ચલો

પ્રસ્તુત અભ્યાસમાં જાતિ, વાલીની શૈક્ષણિક લાયકાત, વાલીના રહેઠાણ નો વિસ્તાર, બાળકના અભ્યાસનું માધ્યમ જેવા સ્વતંત્ર ચલો અને જાતિય શિક્ષણ આપવા અંગેના અભિપ્રાયો - પરતંત્ર ચલ નો ઉપયોગ કરેલ છે.

### ૬. અભ્યાસનું મહત્ત્વ

પ્રસ્તુત અભ્યાસનું મહત્વ નીચે મુજબ દર્શાવી શકાય છે.

1. વાલીઓ બાળકોને યોગ્યતાના ધોરણે જાતિય શિક્ષણ આપવા પ્રેરાશે, બાળકોની જાતિય શિક્ષણ મેળવવાની જીજ્ઞાસા અને લાગણીનો સ્વીકાર કરશે અને બાળકોને જાતિય શિક્ષણ મેળવવા માટે તુચ્છ અને હલકી ગુણવત્તાવાળા સંદર્ભોનો ઉપયોગ ન કરવા સમજાવશે.
2. બાળકો જાતિય દુર્વ્યવહાર અથવા જાતિય શોષણનો બહાદુરીપુર્વક સામનો કરી શકશે.

### ૭. અભ્યાસની ક્ષેત્રમર્યાદાઓ

પ્રસ્તુત અભ્યાસ ગુજરાત રાજ્યના અમદાવાદ જિલ્લામાં રહેતા વાલીઓ કે જેઓના બાળકો વર્તમાન સમયમાં શાળામાં અભ્યાસ કરેછે તેઓ પુરતો મર્યાદિત હતો.

### ૮. વ્યાપવિશ્વ

પ્રસ્તુત સંશોધનના વ્યાપવિશ્વમાં ગુજરાત રાજ્યના અમદાવાદ જિલ્લામાં રહેતા તમામ વાલીઓ કે જેઓના બાળકો વર્તમાન સમયમાં શાળામાં અભ્યાસ કરેછે તેઓનો સમાવેશ થયેલ હતો.

### ૯. નમૂનો

પ્રસ્તુત સંશોધનના નિર્દેશમાં આશરે 2 થી 3 તાલુકાઓના 65 જેટલા વાલીઓ ને યાદચ્છિક રીતે પસંદ કરવામાં આવ્યા હતા .જે-તે સોસાયટીમાં માહિતી એકત્રીકરણ વખતે હાજર તમામ વાલીઓનો નિદર્શમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. આમ, યાદચ્છિક નમૂના પસંદગી દ્વારા નિદર્શની પસંદગી થયેલ હતી.

### ૧૦. સંશોધન પધ્ધતિ

પ્રસ્તુત અભ્યાસ વર્તમાન સમસ્યાના ઉકેલ માટે હોઇ વર્ણનાત્મક સંશોધન પધ્ધતિ પૈકીની સર્વેક્ષણ પધ્ધતિ દ્વારા હાથ ધરાયેલ હતો.

### ૧૧. સંશોધન ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસના સંશોધન ઉપકરણ તરીકે સંશોધન માર્ગદર્શકના માર્ગદર્શન અનુસાર લિકર્ટ પધ્ધતિ અનુસાર ત્રિબિંદુ પ્રકારની અભિપ્રાયવલી તૈયાર કરવામાં આવેલ હતી. અભિપ્રાયવલી તૈયાર કરતી વખતે ભારતની સંસ્કૃતિ, શિક્ષણ પધ્ધતિ અને વર્તમાન સમયની જરૂરીયાત જેવી બાબતોને ધ્યાનમાં રાખવામાં આવી હતી. ઉપરાંત અભિપ્રાયવલીની અંતિમ રચનામાં શાળાના શિક્ષકો, આચાર્યો, વિષયનિષ્ણાતો વગેરેના સુચનો ધ્યાને લીધેલા હતા.

### ૧૨. આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિ

પ્રસ્તુત અભ્યાસમાં એકત્રીત માહિતીનું આંકડાશાસ્ત્રીય પૃથ્થકરણ કરવા માટે સરાસરી (Mean), પ્રમાણિત વિચલન (SD) , મધ્યકની પ્રમાણભુલ (SEM) અને t મૂલ્ય જેવી પ્રયુક્તીઓનો ઉપયોગ કરવામાં આવેલ હતો.

### ૧૩. માહિતીનું પૃથ્થકરણ

$Ho_1$ "પુરુષ વાલીઓ અને સ્ત્રી વાલીઓએ જાતિય શિક્ષણ આપવા અંગેની અભિપ્રાયવલી પર મેળવેલા સરેરાશ અંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય."

**સારણી ૧: પુરુષ વાલીઓ અને સ્ત્રી વાલીઓએ અભિપ્રાયવલી પર મેળવેલા સરેરાશ અંકો વચ્ચે તફાવતની સાર્થકતા**

| જૂથ | સંખ્યા (N) | સરાસરી | પ્રમાણિત વિચલન (S.D) | મધ્યકની પ્રમાણભૂલ SEM | ટી-ગુણોત્તર |
|---|---|---|---|---|---|
| પુરુષ વાલીઓ | 42 | 150.5714 | 14.9750 | 3.7341 | 0.115 |
| સ્ત્રી વાલીઓ | 23 | 151.0000 | 14.0680 | | |

ઉપરોક્ત સારણી પરથી સ્પષ્ટ છે કે, પુરુષ વાલીઓ અને સ્ત્રી વાલીઓએ જાતિય શિક્ષણ આપવા અંગેની અભિપ્રાયવલી પર મેળવેલા સરેરાશ અંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નથી.

$Ho_2$ "સ્નાતક કે તેથી ઓછી શૈક્ષણિક લાયકાત ધરાવતા વાલીઓ અને અનુસ્નાતક કે તેથી વધુ શૈક્ષણિક લાયકાત ધરાવતા વાલીઓએ જાતિય શિક્ષણ આપવા અંગેની અભિપ્રાયવલી પર મેળવેલા સરેરાશ અંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય."

**સારણી ૨: સ્નાતક કે તેથી ઓછી શૈક્ષણિક લાયકાત ધરાવતા વાલીઓ અને અનુસ્નાતક કે તેથી વધુ શૈક્ષણિક લાયકાત ધરાવતા વાલીઓએ અભિપ્રાયવલી પર મેળવેલા સરેરાશ અંકો વચ્ચે તફાવતની સાર્થકતા**

| જૂથ | સંખ્યા (N) | સરાસરી | પ્રમાણિત વિચલન (S.D) | મધ્યક ની પ્રમાણભૂલ SEM | ટી-ગુણોત્તર |
|---|---|---|---|---|---|
| સ્નાતક કે તેથી ઓછી શૈ.લાયકાત ધરાવતા વાલીઓ | 43 | 150.3023 | 14.9976 | 3.7503 | 0.331 |
| અનુસ્નાતક કે તેથી વધુ શૈ.લાયકાત ધરાવતા વાલીઓ | 22 | 151.5455 | 13.9411 | | |

ઉપરોક્ત સારણી પરથી સ્પષ્ટ છે કે, સ્નાતક કે તેથી ઓછી શૈક્ષણિક લાયકાત ધરાવતા વાલીઓ અને અનુસ્નાતક કે તેથી વધુ શૈક્ષણિક લાયકાત ધરાવતા વાલીઓએ અભિપ્રાયવલી પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નથી.

$Ho_3$ "શહેરી વિસ્તારમાં રહેતા વાલીઓ અને ગ્રામ્ય વિસ્તારમાં રહેતા વાલીઓએ જાતિય શિક્ષણ આપવા અંગેની અભિપ્રાયવલી પર મેળવેલા સરેરાશ અંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય."

**સારણી – 3**

શહેરી વિસ્તારમાં રહેતા વાલીઓ અને ગ્રામ્ય વિસ્તારમાં રહેતા વાલીઓએ અભિપ્રાયવલી પર મેળવેલા સરેરાશ અંકો વચ્ચે તફાવતની સાર્થકતા

| જૂથ | સંખ્યા (N) | સરાસરી | પ્રમાણિત વિચલન (S.D) | મધ્યકની પ્રમાણભૂલ SEM | ટી-ગુણોત્તર |
|---|---|---|---|---|---|
| શહેરી વિસ્તારમાં રહેતા વાલીઓ | 32 | 151.7188 | 12.5472 | 3.6153 | 0.542 |
| ગ્રામ્ય વિસ્તારમાં રહેતા વાલીઓ | 33 | 149.7576 | 16.4012 | | |

ઉપરોક્ત સારણી પરથી સ્પષ્ટ છે કે, શહેરી વિસ્તારમાં રહેતા વાલીઓ અને ગ્રામ્ય વિસ્તારમાં રહેતા વાલીઓએ અભિપ્રાયવલી પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નથી.

$Ho_4$ "અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતા બાળકોના વાલીઓ અને ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરતા બાળકોના વાલીઓએ જાતિય શિક્ષણ આપવા અંગેની અભિપ્રાયવલી પર મેળવેલા સરેરાશ અંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નહીં હોય."

**સારણી ૪:અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતા બાળકોના વાલીઓ અને ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરતા બાળકોના વાલીઓએ અભિપ્રાયવલી પર મેળવેલા સરેરાશ અંકો વચ્ચે તફાવતની સાર્થકતા**

| જૂથ | સંખ્યા (N) | સરાસરી | પ્રમાણિત વિચલન (S.D) | મધ્યકની પ્રમાણભૂલ SEM | ટી-ગુણોત્તર |
|---|---|---|---|---|---|
| અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતા બાળકોના વાલીઓ | 30 | 150.9667 | 13.0951 | 3.5946 | 0.126 |
| ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરતા બાળકોના વાલીઓ | 35 | 150.5143 | 15.8807 | | |

ઉપરોક્ત સારણી પરથી સ્પષ્ટ છે કે, અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતા બાળકોના વાલીઓ અને ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરતા બાળકોના વાલીઓએ અભિપ્રાયવલી પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નથી.

## ૧૪. અભ્યાસનાં તારણો

પ્રસ્તુત અભ્યાસના તારણો નીચે મુજબ મળ્યા હતા.

1. પુરુષ વાલીઓ અને સ્ત્રી વાલીઓએ અભિપ્રાયવલી પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નથી.
2. સ્નાતક કે તેથી ઓછી શૈ.લાયકાત ધરાવતા વાલીઓ અને અનુસ્નાતક કે તેથી વધુ શૈ.લાયકાત ધરાવતા વાલીઓએ અભિપ્રાયવલી પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નથી.
3. શહેરી વિસ્તારમાં રહેતા વાલીઓ અને ગ્રામ્ય વિસ્તારમાં રહેતા વાલીઓએ અભિપ્રાયવલી પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નથી.
4. અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતા બાળકોના વાલીઓ અને ગુજરાતી માધ્યમમાં અભ્યાસ કરતા બાળકોના વાલીઓએ અભિપ્રાયવલી પર મેળવેલા સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નથી.

## ૧૫. શૈક્ષણિક ફલિતાર્થ

પ્રસ્તુત અભ્યાસના  શૈક્ષણિક ફલિતાર્થ નીચે મુજબ મળશે.

1. વાલીઓ બાળકોની જાતિય શિક્ષણ મેળવવાની જિજ્ઞાસાને સંતોષવા પ્રયત્ન કરવો જોઇએ.
2. જાતિય શિક્ષણ મેળવવા બાળકો દેખાદેખીમાં ખોટા સાહિત્યની પસંદગીના કરે તેનું ખાસ ધ્યાન વાલીઓએ રાખવુ જોઇએ.
3. બાળકોની માનસીક તેમજ શારીરીક વયને ધ્યાનમાં રાખીને વાલીઓએ જાતિય શિક્ષણ પુરૂ પાડવુ જોઇએ.
4. સરકારશ્રી તરફથી ચોક્કસ માર્ગદર્શીકા બહાર પાડવી જોઇએ જેમાં કયા ધોરણના વિદ્યાર્થીઓને કેટલું અને કયા પ્રકારનું જાતિય શિક્ષણ આપવું જોઇએ જેની સ્પષ્ટતા કરવી જોઇએ.

## ૧૬. ભાવિ સંશોધન માટેની ભલામણો

પ્રસ્તુત અભ્યાસ ગુજરાત રાજ્યના અમદાવાદ જિલ્લામાં રહેતા વાલીઓ કે જેઓના બાળકો વર્તમાન સમયમાં શાળામાં અભ્યાસ કરેછે તેઓ પર હાથ ધરવામાં આવેલ હતો. ભવિષ્યમાં નીચે મુજબના સંશોધનો
હાથ ધરી શકાય.

1. ગુજરાત રાજ્યના અમદાવાદ જિલ્લાને બદલે અન્ય જિલ્લો કે અન્ય રાજ્ય લઇ શકાય.
2. વાલીમિત્રોને બદલે સ્નાતક કે અનુસ્નાતક કોલેજોના પ્રધ્યાપકો અથવા વિદ્યાર્થીઓ લઇ શકાય.
3. વાલીમિત્રોને બદલે શિક્ષકમિત્રો લઇ શકાય. ઉપરાંત સમાજના જુદા-જુદા વર્ગો અથવા જુદા-જુદા ધર્મના લોકો અથવા જુદી-જુદી જ્ઞાતીના લોકો પર હાથ ધરી શકાય.

## ૧૭. ઉપસંહાર

પ્રસ્તુત અભ્યાસના પરિણામો સૂચવે છે કે  શાળામાં અભ્યાસ કરતા બાળકોને જાતિય શિક્ષણ આપવું એ વર્તમાન સમયની જરૂરિયાત છે. યોગ્ય સમયે પ્રાપ્ત કરેલ જાતિય શિક્ષણ દ્વારા વિપરીત સંજોગોમાં જાતિય શોષણ વિરુધ્ધ બાળકો પોતાનો સ્વબચાવ કરવા સક્ષમ બને છે. તદઉપરાંત વિપરીત સંજોગોમાં ખૂબ જ જલ્દીથી સામાજિક અનુકુલન સાધી શકે છે. અને સમાજમાં તેમને પુરા માન-સન્માન સાથે પુન: સ્થાપિત કરી શકાય છે.

## સંદર્ભ સૂચિ

1. Patel R.S. (2008). Shaikshnik sansodhan mate Aankadashstriy Padhhatio (second education)
2. Ahmedabad: jay publication

3. Shah, Dipika B. (2004). Shaikshnik Sansodhan (first education) Ahmedabad: university granthnirman board, Gujarat State
4. McMillan, J.H.Schumascher.S. (1989). Research in Education, New York: Harper Collins
5. Desai, K. G., and Desai, H.G., (1997). Research Methodology, Ahmedabad Univesity Granth Nirman Board.
6. આચાર્ય, મોહિની ડી. (2008) શિક્ષણમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર, અમદાવાદ: અક્ષર પબ્લિકેશન્સ.
7. દેસાઇ, હરિભાઇ જી. (1970). સંશોધન અહેવાલ રાજકોટ: સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
8. http://hdl.handle.net/10603/140514
9. http://hdl.handle.net/10603/46124